ક્રમાંકઃજીસીઇઆરટી/તાલીમ/૨૦૨૧-૨૨/ 25 386-96
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
'વિદ્યાભવન' સેક્ટર-૧૨, ગાંધીનગર
Email: gcerttraining@gmail.com
તારીખઃ 01/10/2021

સત્યમેવ જયતે
સચિવ

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ

**વિષયઃ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના શિક્ષકોને નિષ્ઠા શિક્ષક તાલીમના ૭ થી ૯ ના કોર્સમાં જોડવા બાબત**

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે રાજયની તમામ સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી શાળાઓના માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના શિક્ષકો અને આચાર્યોને **NISHTHA** (National Initiative For School Heads' and Teachers' Holistic Advancement) નિષ્ઠા સેકન્ડરીના કોર્સમાં ૭ થી ૯ માં જોડવાના રહે છે.

ઓકટોબર માસમાં શિક્ષકોએ કોર્સ મોડયુલ ૭ થી ૯ ની તાલીમ મેળવવાની રહેશે. આ તાલીમ ૧ ઓકટોબર થી ૩૧ ઓકટોબર સુધીમાં મેળવી શકાશે. તેમજ તા. ૨૫ ઓકટોબર બાદ કોર્સમાં રજીસ્ટ્રેશન થઇ શકશે નહી તે બાબતને ધ્યાને લેવા શિક્ષકોને જાણ કરવાની રહેશે.

કોર્સ મોડયુલ ૭ થી ૯ ની તાલીમમાં એક સાથે ત્રણેય કોર્સમાં ( જોઇન કોર્સ બટન કલીક કરી ) શિક્ષકો જોડાય જેથી તા. ૨૫ ઓકટોબર બાદ કોર્સમાં રજીસ્ટ્રેશનના પ્રશ્નો ઉપસ્થિત રહે નહી.

જિલ્લાકક્ષાએ નિષ્ઠા સેકન્ડરી તાલીમમાં રાજયની તમામ સરકારી, ગ્રાન્ટેડ, અને ખાનગી માધ્યમિક ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના શિક્ષકો અને આચાર્યો જોડાય અને તમામ ૧૩ કોર્સ પૂર્ણ કરે તે માટે જરૂરી સંકલન કરી તેના સુચારું અમલીકરણની વ્યવસ્થા ગોઠવાય તે માટે જરૂરી આયોજન જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ કરવાનું રહેશે. આ કામગીરી માટે જિલ્લા કક્ષાએ નિષ્ઠા તાલીમ માટે નિયુક્ત થયેલ નોડલ ઓફિસરને જરુરી સૂચના આપની કક્ષાએથી આપવાની રહેશે.

- શિક્ષકે https://diksha.gov.in/explore ના માધ્યમથી નિષ્ઠાના 13 કોર્સમાં ફરજિયાત જોડાવવાનું રહેશે.

| Sr. | FAQ by the Teacher / End User | Link |
|---|---|---|
| 1 | How do I **install** DIKSHA ? | https://youtu.be/ceZD5VET7vk |
| 2 | How do I **Sign-In or Register** on DIKSHA using my Laptop or Computer? | https://youtu.be/tL25_m8O0ww |
| 3 | How do I Sign-In or Register on DIKSHA using my Android Phone? | https://youtu.be/JsezA9ysA_I |
| 4 | How to login and **consume** DIKSHA courses on an Android Phone? | https://youtu.be/Bse2HRGkSxw |
| 5 | How to login and consume DIKSHA courses on a Laptop or Computer? | https://youtu.be/fhNgG6I52al |

## Steps for self-declaration on DIKSHA

Self-declaration process on DIKSHA



1. Log into your DIKSHA account. Go to profile and click on "Edit"

2. Add your state, district, block, cluster and school and click on "Submit"

3. Log into your DIKSHA account. Go to profile and click on "Update"

4. Add the details and click on "Update"
*Note: Enter your unique teacher ID in the field "ID as requested by your state"*

- શિક્ષકે ઓનલાઇન કોર્સમાં જોડાવવા માટે સેલ્ફ ડિકલેરેશન ફોર્મ નિષ્ઠા પોર્ટલ પર ફરજિયાત ભરવાનું રહેશે અન્યથા કોર્સમાં જોડાઇ શકાશે નહીં. આ રજીસ્ટ્રેશનની વિગતોમાં જિલ્લો, તાલુકો, કલ્સ્ટરનું નામ, શાળાનું નામ, ટીચર કોડ અવશ્ય ભરવાનો રહેશે.

| | | |
|---|---|---|
| **Course 07** | **GJ_ શાળાકીય પ્રક્રિયાઓમાં જેન્ડરનો સમાવેશ (NISHTHA Sec)** | |
| **Course 08** | **GJ_ શાળા નેતૃત્વ : સંકલ્પના અને ઉપયોજન (NISHTHA Sec)** | |
| **Course 09** | **GJ_ વ્યાવસાયિક શિક્ષણ (NISHTHA Sec)** | |

- ૭ થી ૯ કોર્ષમાં વ્યકતિગત રીતે જોડાવવાનું રહે છે. જેનું સમય પત્રક નીચે મુજબ છે.

| મોડ્યુલ | કોર્સનો સમય ગાળો | રિમાર્કસ |
|---|---|---|
| મોડ્યુલ 7 થી 9 | 1-10-2021 થી 31-10-2021 | તારીખથી ૧ લી ઓકટોબર ૨૦૨૧ના રોજ કોર્સ શરૂ થશે. આ કોર્સમાં શિક્ષકે દીક્ષા પ્લેટફોર્મમાં લોગીન કરી કોર્સ ટેબમાં જતાં કોર્સ જોવા મળશે. આ કોર્સમાં જોડાવવા માટે શિક્ષકે Join કોર્સ પર કલીક કરવાનું રહેશે |

- આ તાલીમ દરમિયાન તાલીમમાં જોડાવવા સંબંધી તેમજ શૈક્ષણિક પ્રશ્નો કે મુશ્કેલીઓ માટે શિક્ષકે તેમના જિલ્લા નોડલ ઓફિસરનો (નિષ્ઠા તાલીમ) સંપર્ક કરવાનો રહેશે.
- દરેક શિક્ષકને ઓનલાઇન કોર્સ પૂર્ણ કર્યા બાદ નિષ્ઠા તાલીમ પૂર્ણ કર્યા અંગેનું પ્રમાણપત્ર મેળવવાનું રહેશે. જે માટે તાલીમાર્થીએ કોર્સના મૂલ્યાંકનકાર્યમાં 70% ગુણ પ્રાપ્ત કરવાના રહેશે તો જ તેનું જ ઓનલાઇન પ્રમાણપત્ર જનરેટ થશે. તાલીમ પૂર્ણ થયા બાદ ૧૫ દિવસમાં દીક્ષા પ્લેટફોર્મમાં લોગીન થતા પ્રોફાઇલ પેજમાંથી ડાઉનલોડ કરી શકાશે.
- દરેક શિક્ષકે તાલીમમાં શીખેલ બાબતોનું વર્ગખંડમાં ઉપયોજન કઇ રીતે કરવું તેનો કોર્સવાઇઝ અહેવાલ (મોડયુલ વાઇઝ કુલ ૧૩) સ્વાધ્યાયકાર્યના સમયગાળામાં તૈયાર કરી કયુ.ડી.સી.કો.ઓર્ડિનેટરને જમા કરાવવાનું રહેશે.
- કયુ.ડી.સી.કો.ઓર્ડિનેટરે શિક્ષકે કોર્સવાઇઝ જમા કરાવેલ અહેવાલ માટેનું રજીસ્ટર (મોડયુલ વાઇઝ કુલ ૧૩) નીચે આપેલ નમૂના મુજબ તૈયાર કરી ૫ નવેમ્બર ૨૦૨૧ સુધીમાં એસ.વી.એસ. કન્વીનરને તેમજ એસ.વી.એસ. કન્વીનરે દિન-૨ માં જિલ્લાના નોડલ ઓફિસરને જમા કરાવવાનું રહેશે.

| ક્રમ | શિક્ષકનું નામ | શાળા પ્રકાર | ભણાવતા હોય તે ધોરણ | મોડયુલવાઇઝ જમા કરાવેલ અહેવાલની વિગત | | |
|---|---|---|---|---|---|---|
| | | | | 7 | 8 | 9 |
| | | | | | | |

(વી. આર. ગોસાઇ)
સચિવ
જીસીઇઆરટી
ગાંધીનગર

**નકલ રવાના જાણ અને અમલ સારું**

- **પ્રાચાર્યશ્રી,** જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીના સંકલનમાં રહી કામગીરી શરૂ કરાવવા જરૂરી આયોજન કરવા સારું